અમે ખાતાં પીતાં તો ઉભાં થવાંરે, હાથ ધોવાતો ભુલી ગયાંરે. ૧

એવી આતુરતા થઇ છે મારા અંગમાંરે, રાશ રમવા જાવું વનરાવનમાંરે. ૨
ફરે ફુદડીને તાળી પડે હીચમાંરે, મારો વાલો રમે છે કીચોકીચમાંરે. ૩
એને નીરખીને મટી જાય દુખડાંરે. ગુરૂ ગેમલ પામે ભવ સુખડાંરે. ૪

ઝીલણીયું ૧૦૭ મું. ચાલ સદર.

મંદીરીએ મારે જઇને મારી, સાસૂ નણંદનેરે કાન કેવાદે કેવાદે ડોઢ૦
અરે કાના તું તો કયાંનો સુબો, મારો મારગ રોકી ઉભોરે કાન. ૧
અરે કાન તું તે કયાંનો દાણી, મારી નવરંગ ચુદડી તાણીરે. કાન. ૨
અરે કાના તું તો કયાંનો રાજા, રાજા તારી સંગે ગોવાળીઆ ઝાઝારે કાન. ૩
અરે કાના તું તે કયાનો રસીઓ, રસીઓ મારા રૂદેકમળમાં વસીઓરે કાન. ૪
નવરંગના સ્વામી રોને હું તો જાચું તમારા મોંનેરે કાન. ૫

ઝીલણીયું ૧૦૮ મું. ચાલ સદર.

છૈયા નંદનારે ચુદડીના ચોર, છૈયા નંદનારે, ડોઢ૦
ચુંદડી ચોરીને વાલો કદમ ચડીને બેઠા, સાહેલીમાં રમતાં અમે દુરથકી તો દીઠા; છૈયા નંદના. ૧
કાનજી કાળા માંકર ચાળા, મોરલીયુંવાળા અરધી રાતે મથુરામાંથી ભરીયા ઉચાળારે. છૈયા. ૨
લાખ ટકેકી ચુંદડી અજબ રૂડો રંગ, વેગળા રહો વરણાગીઆ મારાં સામળાં થાશે અંગ. છૈયા નંદનારે. ૩
સવા લાખની ચુંદડી છેડે ઝાઝો તાર, માતા જશોદા લાડ લડાવે એમાં શાનો પાડ. છૈયા નંદનારે. ૪
ચુંદડી આપો તો હું લાગુ તમારે પાય, નરસઇઆના સ્વામી સામળા એતો ગોકુળ રાજ કહેવાય. છૈયા નંદનારે. ૫

ઝીલણીયું ૧૦૯ મું. ચાલ ત્રણ તાળમાં રાગ ઝુમ.

ઓરા આવો નટવર નાનડીયા, તમે મારા જીવ સાથે જડીઆ ડોઢ૦
સોભેછે સોનેરી પટકે, છબી રંગ ચોળતણે ચટકે; મોયુમન હાથતણે લટકે. ૧
સુંદરવર લાગોછો સારા, ન મેલું એક ગડી ન્યારા; છોજી મારા પ્રાણથકી પ્યારા. ૨

વાતું કરી દુખડાં વીસરીએ, જોઈ જોઈ અંતરમાં ઠરીએ; કાના આ-
વો ગોઠલડી કરીએ. ૩

કીધી મેં તમ અર્થે કાયા, લાગી મને મુખડાની માયા; જીવો ઘણું
જસોદાના જાયા. ૪

કટી પર પીતાંબર કશીઆ, હેતે નીત બોલોછો હસીઆ; બ્રહ્માનં-
દના વાહાલા છો રસીઆ. ૫

ઝીલણીયું ૧૧૦ મું. ચાલ સદર.

આવો આવો સુંદરવર ગોરા, જોવું માથે ફુલડાંના તોરા; ટેક.

મહારૂ સરવે આવ્યું છે ગજરે, દેખો છો પ્રભુ અમૃતની નજરે; ગો-
ઠયું મન ફુલડાને ગજરે. ૧

સોભે મુખ ઉપર તીલક તાણ્યું, કપોળે ટીબકડી કાણ્યું; બહુરૂડા લાગેછે બાજુર

કેસરવરણી આડ કીધી વાસે, વળી વળી બોલોછો વાહાલે; ચાલો-
છો પ્રભુ હંસતણી ચાલે. ૩

મનોહર મુર્તી મન માની, છુપાડી કેમ રહે છાની દેખી હું તો થઇછુ દીવાની. ૪

સુરંગી સુથલણી ચંગી, અનોપમ પેરી છે આંગી; બ્રહ્માનંદના વા-
હાલા નવરંગી. ૫

ઝીલણીયું ૧૧૧ મું. ચાલ સદર.

આવો હરી વાંસલડીવાળા, લાડીલા નંદતણા લાલા; ટેક.

ગોપ્યું મન બંસીના સ્વરમેં, ભરીછું આનંદના ભરમેં; નથી રેહેવાતું હવે ઘરમેં. ૧

ભુલી સરવે અંતરની અગત્યું, બંસીમેં ચીત મહારૂ વળગ્યું; ઘડી
એક ન થાય અળગુ. ૨

વીધાણી હું બંસીને નાદે, સુણુંછું સુંદરતો સાદે; ગાવ હરી ઉંચે તો સાદે. ૩

આવીછું સાંભળવા ઓલે, બંસી અતી મરમાળી બોલે, સુણી દી-
લ મારૂ મન ડોલે. ૪

બંસી મને લાગે છે પ્યારી, ઘેરી ઘેરી વાજો ગીરધારી; બ્રહ્માનંદ
જાય બલીહારી. ૫

ઝીલણીયું ૧૧૨ મું. ચાલ સદર.

છોજી તમે નંદતણા નંદા, ચતુર વર ગોકુળના ચંદા. ટોઢ.
કોડીલા કુંવર કાનુડા, નટવા સુંદર નાનુંડા; રાજેશર દીસોછો રૂડા. ૧
આંખ્યું તારી અતી અણીઆળી, મનોહર સુંદર ભરમાળી; રંગીલી મુરતી રૂપાળી. ૨
આવો ઘેર આવોને આવા; ખાંતે તો મહી માંખણ ખાવા, મીઠું મીઠું બોલોછો માવા. ૩
પેરી તન જરકશીઆ જામા, ચાલ્યા આવો વાલ્યમજી સામા; વાઓ રૂડી બંસી વીસામાં. ૪
કોઇ વીધી જાઓ નીકળીઆ, હેતે તમે કોણતણે હળીઆ વારી બ્રહ્માનંદના વહાલા છળીઆ. ૫

ઝીલણીયું ૧૧૩ મું. ચાલ સદર.

વાલા તમ ઉપર જાઊં વારી, લાગી મુને લાલચડી તારી. ટોઢ.
છબીલા સુંદર છોગાળા મનોહર દીસો ભરમાળા; ચોરે ચીત નેણ તણા ચાળા. ૧
જોઇ જોઇ તરપત નથી થાતી, રહુંછું ગુણ નીશદીન ગાતી; ગબોતો ખુબ ઠરે છાતી. ૨
કહેવાતી વાત નથી કોઇને, રહીછું ચીત તમમાં પરોઇને; ઘરના સરવે રાખે છે ટોઇને. ૩
લોભાણી હું પાઘડીને છેડે, જાઊં હું માવા તણે તેડે; ઘેલી થઇને ફરીછું કેડે. ૪
પ્રીતો કરી પાછા નવ ફરીયે, મુજપર હઠ નવ કરીએ; બ્રહ્માનંદના વાલા આવો રમીએ. ૫

ઝીલણીયું ૧૧૪ મું ચાલ સદર.

પધારોની સેજલડી પ્યારા, મનોહર જીવનછો મારા; ટોઢ.
જ્યારે તમે જાવછો વનમાં, ત્યારે અતી તાપ થાય છે તનમાં; મળ્યાની હોંશ ઘણી મનમાં. ૧

નવરી થઇછું ગાવલડી દોઇને, આંખોમાં કાજળ તો ટોઇને, બેઠીછું વાટલડી જોઇને. ૨

સજીછે સેજલડી સારી સુગંધી ફુલેલછે ભારી; આવીને ઉભીછું વારી. ૩

શોભીતા સણુગાર સજ્યા, તમે મારા અંતરમાં રજ્યા; કાના આવો મેલોને કજ્યા. ૪

ઝીલણીયું ૧૧૫ મું. ચાલ સદર.

વાલા આવો પુછું વાતલડી, રોની આંઇ રંગ રાતલડી. ટેક૦

કસુંબી ફેંટાતો કસીયા, તોરા શીર ફુલતણાં ધસીયા; કેનાં આજ કારજતો કસીયાં. ૧

જામા પેરી સુંદર જળ હલતા, રોછો ઓલી સૈયરને મળતા; અમથી કેમ ચાલોછો ટળતા. ૨

અમ સાથે રાખોછો છેટા, રૂપાળી પેરીને રેટા; હોંશેથી બીજાને ભેટા. ૩

બીજે ઘેર બારણીયા બાંધો, જ્યારે કરો પ્રીત તણો સાંધો; વારી જાઉ અમથી શું વાંધો. ૪

ઓલી તો પુરણ વર પામી, ખરું કાની અમમાં શું ખામી; બોલો બ્રહ્માનંદ તણા સ્વામી. ૫

ઝીલણીયું ૧૧૬ મું. ચાલ સદર.

ચારી આવો ગાવલડી મારી, ટકો દેસું રીતતણી તારી. ટેક.

બલામણ રાખીછું કેતી, અગારે હાથ નથી રેતી; તમવીના દોવા નથીદેતી. ૧

સાચું બોલો ખાઇતો સમને, આવે છે મારવા અમને; ટાઢી થાયછે દેખીને તમને. ૨

હેતે તમે પેલી હેળાવી, છાની નથી વાત કહુંછું સાચી; હવે નહીં પુરવે ટકાવી. ૩

જો અતી જીવાળા થાશો, બહાર જઇ દોઇને પીશો; ગીરધર ગાળુંતો ખાશો. ૪

સારૂ ખડ લીલુંતો જોઇને, ચારી લાવો પાણીડું પોઇને; બ્રહ્માનંદના વાલા સદા થઇને. ૫

ઝીલણીયું ૧૧૭ મું. ચાલ સદર.

ઓધા અમે જાણ્યું નોતું એવું, વાલાજીને મથુરામાં રેવું; એવું સુ-
ખ કુબજાને દેવું. ટેક.

અમે છીએ વીસવાસી નારી, ધુતારામાં ભેદ ઘણો ભારી; વાલે મુ-
ને વગર મોતે મારી. ૧

વાલે મારે પ્રથમ પ્રીત કીધી, ગોપી સરવે વશ કરી લીધી; પછી મુ-
ને પીડા બહુ દીધી. ૨

જોજો બાંધ્યું સંગ કરતાં એનો, બોલ્યામાં ઢંગ નથી તેનો; ભરો-
સો કેમ કરીએ એનો. ૩

ધુતારે ધુતપણું કીધું, ચીત મારૂં ચોરીને લીધું; પાણી ઘર પુછ્યા વીના પીધું. ૪

મારગડામાં પડતાં મેલ્યાં માવે, તે દીનાં અંન પાણી ન ભાવે; ગુ-
રૂના ગુણ ગેમલજી ગાવે. ૫

ઝીલણીયું ૧૧૮ મું. ચાલ સદર.

ઓધવજી હરીએ શું કહ્યું, ગોકળીઆમાં કેમ જાય રહ્યું. ટેક.

હરી કહેછે ધ્યાન મારૂં ધરજો, ધરી ભેખ શણગારપર હરજો; ત-
મે સરવે જોગણ થઇ ફરજો. ૧

જોગણ થાતું અગતું નથી અમને, કોણ દુઃખ દીએ આ દમને;
વગોવતું કોણ ફરે તમને. ૨

પટોળે ભાત પડી સોપડી, ફાટે પણ નવ જાય ઉખડી; ઢાલને લકડી
પકડી સો પકડી. ૩

સંદેશો કેવો મોકલ્યો કાવી, કેતાં લાજ જરાએ ના આવી; તમે સ-
રવે થઇ ફરજો બાવી. ૪

ભેખ આલ્યો મથુરામાં ગાંવે, કાને હરી કુબજાને પેરાવે; ગુરૂના ગુ-
ણ ગેમલજી ગાવે. ૫

ઝીલણીયું ૧૧૯ મું. હીંચમાં રાગ ઝુમ.

જલરે જમુનાજીમાં ઝીલતાં સુણો સાગળીઆ; મુને મોતીડું લા-

ધુ એક; નંદાજીના નાનડીયા. ડોઢ૦

વાલા એક મોતીમાં શું વેંચીએ, સુણો સામળીઆ; મોતી વાસે ઘણેરાં થાય, નંદજીના નાનડીયા, ૧

વાલા એક ફુલ બીજી પાંખડી, સુણો સામળીઆ; એતો મોતીડે કાડયા પાન નંદજીના નાનડીયા. ૨

મે થાળ ભરી મોતી વીણીયાં, સુણો સામળીઆ; તેનો ગુંથાવો હરીનો હાર, નંદાજીના નાનડીયા. ૩

હાર હરીનો હૈએ રોપીઓ; સુણો સામળીઆ; એને વારણે રણછોડરાય, નંદાજીના નાનડીયા. ૪

ઝીલણીયું. ૧૨૦ મું. ચાલ સદર.

અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી, હવે શું કરીએ જઇ સાસરે અલબેલાજી. ડોઢ૦

સુને હીરલો લાધ્યો હાથમાં અલબેલાજી, તમે શોભો સહીયરના સાથમાં અલબેલાજી. ૧

મારી આળ માં કરો તમે એવડી અલબેલાજી, કાન હું તો નથી તમ જેવડી અલબેલાજી ૨

વાલા જો જાણે મારી માવડી અલબેલાજી, કાન સાથે શું પ્રીતજ આવડી અલબેલાજી, ૩

વાલા તો તમને સમજાવસે અલબેલાજી, એવી લજાતો અમને લાગશે અલબેલાજી. ૪

વાલા કામણ દીશે તારી આંખમાં અલબેલાજી, તું તો નણુની ચોટું નાંખમાં અલબેલાજી. ૫

હું તો બીવરાવી બીતી નથી અલબેલાજી, હું તો ઓશીઆળી કેની નથી અલબેલાજી. ૬

વાલા ઓશીઆળી પ્રભુ તમતણી અલબેલાજી, મારે માથે ગોવરધન નાથ ધણી અલબેલાજી. ૭

ઝીલણીયું ૧૨૧ મું ચાલ સદર.

નહી આપું હો નંદના લાલ મેડા મારાંરે, વળગો માંરે વીઠલ રાય અમે નહીં તારાંરે.

તું તો નીરલજ નંદજીના લાલ, હું તો નહીં એવીરે; કાના તારેને મારે આજ, થાશે જોયા જેવીરે.

મારે માંથેછે બારસ બાર ગોરસ બેકેરોરે, આળી ગાળ ન કરો મારી આળ દુરજન દેખેરે.

અમે અહેરડાં અજાણ જીવણ જાણોરે, મારી લાખ ટકાની લાજ એક દીન આણોરે.

એલા નવ લાખ ધેન બાવા નંદ ઘેર કેદી હતીરે, આંગણીએ બાંડી બકરી બાંધવા નોતીરે.

મારે માથે બારસ બાર મર્ઘડાંની ગોળીરે, મુને એકલડી નહીં જાણ સૈયરોની ટોળીરે.

તમે જીત્યારે જુગના આધાર હું તો હવે હારીરે, મળ્યો નંદ મોહનજીનો લાલ વાલો બ્રહ્મચારીરે.

ઝીલણીયું ૧૨૨ મું. ચાલ સદર.

સખી સરદ પુનમની રાત મુજને વાલીરે, એવી ગોકુળની બ્રજનાર રમવા ચાલીરે. ટેક૦

એવાં નાક પરમાણે નથ નીરમળ મોતીરે, એવાં દરપણ લીધાં હાથ મુખડાં જોતીરે. ૧

સખી કાંબીને કડલાં સાર વીંછીઆ ચમકેરે, એવાં ઝાંઝરનો ઝમકાર ઘુઘરા ઘમકેરે. ૨

એવાં ચોરીને પેર્યાં ચીર પીતાંબર રૂડાંરે, મારા વાલા શું રમવો રાસ કરવી લીલારે. ૩

એવી તે લીલા સુણજો નર તમે નારીરે ત્યાં રમે ગોપીને કાન રમતાં ભાળીરે ૪

સખી બાએ બાજુબંધ સાર બેરખા ઝમકેરે, એવાં હૈડે એકાવળ

હાર નવુગણાં ખળકેરે. ૫

ત્યારે ફુદડી ફરે ગોપી ચાર રમે ગીરધારીરે, એવા માધવદાસના દાસ જાય બલીહારીરે. ૬

ઝીલણીયું ૧૨૩ મું. ચાલ સદર.

પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મુને જાવા દીઓ. ટેક.
વળતાં તો દાણ અમે દેસું દધીનાં, મહી મારાં વેચાવા દીઓ. ૧
મહી વેચંતાં કોણ વારેછે, ચાલી જાને વ્રજનારી. ૨
નારી કહી તું કેને બોલાવે, ચાલ્યો જાને છોગાળા. ૩
કહણ રાજ તો કંસરાયનાં, ગાયું ચારંતો ગોવાળા. ૪
હું છું ગોવાળીઓ તું છે ગોવાલન, ફરી ગમે તો આવજે. ૫
કંસ સરીખો હોય તો તારે, સુમે તેડીને લાવજે. ૬
તેડી લાવું તો દીઓ મુને જાવા, રોકી રહ્યાછો પરનારી. ૭
રઘુનાથના સ્વામી સામળીઆ, ઘેલા થયાછો ગીરધારી. ૮

ઝીલણીયું ૧૨૪ મું. ચાલ સદર.

ગેલોછું પણ દાણ ન મેલું, દોકડલો એક ખોટો; ગીરધારીજીએ ગોકુળ વાર્યું. ઈંદ્રથકી કૃષ્ણ મોટો. ટેક.

મોટા હતો તેદી મથુરાંમાંથી, અરધી રાતે શીદ ભાગ્યો: પર ઘેર જઈ તું પેટ ભરંતો, આ દાણી કયાંથી જાગ્યો. ૧

વાંકા બોલી તું વાર લગાડમાં કા હૈયાનો હાર તોડું; દાણ અમારાં દેની દધીનાં, કાં માથાના માટ ફોડું. ૨

હાર ન તુટે માટ નવ ફુટે, ન્યાય નગરમાં પુછાશે; રઘુનાથના સ્વામી સામળીઆ, આમ કેમ ગોકુળ રેહેવાશે. ૩

પદ ૧૨૫ મું. લાવણી ચાલ ચાલતી.

રૂમઝુમ કરતી નીકળી ભીલડી, તપ છોડાવા ચાલીજી:
અંખીયાં ખોલકર શીવ પુછના લાગા; કોન પુરૂષ ઘેર નારીજી.
ભીલ ઘેર નાતી ભીલ ઘેર ધોળી, વારી વારી મોતીડાં પરોવતીજી.

મેરા ભીલકું ખછા પડયા હે, ચલી જંગલમેં જોતીજી.
તુમારે મહાદેવજી ગંગા પારવતી, ભીલડીને સું કરશોજી.
અમે અમારે મારગ જાતાં, ઝઘડો શીદ શીવ માંડયોજી.
પારવતીને પીઅર વળાવું, ગંગા તેરી દાસીજી.
ઉજડ ખંડમેં મેહેલ બનાઈ દેઉ, તુને કરૂ પટરાનીજી.
મેરા ભીલતો બાળા ભોળા, જંગલકા રેહેવાશીજી.
સાંજ પડે ભીલ ઘેર પધારે, થેઇ થેઇ કરીને નાચેજી.
એક હાથ શીવે મુસ્તક ધરીઓ, દુસરો ધરીઓ કેડેજી.
થેઇ થેઇ કરી શીવ નાચવા લાગ્યા, ભીલડીને રંગ લાગ્યો રૂડોજી.
ઉતર ખંડકી બાદલી મંગાઈ દઉં, રૂમઝુમ મેહુલા બરસાઇ દેઊંજી
તેરા ભીલકું દુખ દુખ મારૂં, તુને કરૂં પટરાનીજી.
સીંહલદીપકા હસ્તી મંગાઈ દઊં, લાલ લાલ ચુંડીઆં રંગાઇદઊંજી.
ચુરીઆં ઉપર ચીપાં જડાઇદઊં, ઠગકે ભરી લાવો પાનીજી.
ઇશ્વર પારવતી પરણવા બેઠાં, પરણે સકલ ઘર નારીજી.
બાર વરસનાં તપ છોડો, બાઇ પારવતી રાણીજી.

લાવણી ૧૨૬ મી. ચાલ સદર.

હાથ ચક્ર ત્રીશુલ બીરાજે અલેક જગાઉ તેરી નગરીમેં;
શ્રીકૃષ્ણકા દરસન કરને આએ સદાશીવ ગોકુલમેં.
મંદીર બેઠાં હે જશોદા મૈયા અવાજ સુનીઆ કાનુમેં;
થાલ ભરી કંચન સો લાયા લીયો જોગેશ્વર ઝોલીમેં;
ચાર ખુટકા સોના રૂપા ભર્યા હે માઇ મેરી ઝોલીમેં.
શીવજી કહે માઇ અમ નહી લેવે લઇ જાવ મૈયા અપને ઘરમેં.
અમે જોગેશ્વર વનકા વાસી આએ દરસન કારનકું;
તેરા બાલકકા દરસન કરકે ફેર જાઊંગી માઇ મેં બનમેં.
તુમેરા સ્વરૂપ કાલા પીલા સુરજ જેશી આંખનકી.
મેરા. બાલકતો કાલકા જનમ્યા નજર લગે કોઈ રાંડનકી.

ચાંદે સુરજ નવ લખ તારા ભજન કરે તેરા બાલકકા;
એ બાલક તો સબકુ ડરાવે એ બાલક નહી ડરનેકા.
મનમાં સમજી ચલી જશોદા લઈ આએ શ્રી કૃશ્નકું;
દોનુ નજર એક હુઈ ત્યાં શીશ નમાયા શંકરકું.
ચરણુ ધોઇ ચરણામત લીધાં શીંગી નાદ બજાયા હે;
ચૌદ ભુવનનો નાથ કૃશ્નજી સફળ જનમ મૈયા તેરા હે.

લાવણી ૧૨૭ મી. ચાલ સદર.

બરડેમે બીરાજે શંભુ જોગેશ્વર બંકા, તેરા બીલનાથ હે નામદેશમેં ડંકા; તોરી શોભાનો નહી પાર ફુલન બહુ એકે, બીલી પત્ર બીરાજે શીશ ધીસ બરડાકે તોરે, અગે લાગે વીભુત આછન અંગશાળા. લોચન હે લાલ ગુલાલ રંદકી માળા; તોરી જટામેં વહે ગંગા પીવતહે ભંગ નીશાયુ કરતે, આ સુરીનર મુનીવર ધ્યાન નારદ તારૂં ધરતે; ગલેમે લટકે નાગકે હાર, એશો સનગાર શંભુને છાજે; આ ગંગા ઉમીયા ગૌરી, સંગ બીરાજે. રાણા ભુપ જાય સાહેબ, અખંડ ત્યાં દીવા લગી રૂડી એશી જ્યોત, કરે છબી સેવા. રૂદ્રીસું ચડેછે અનેક, મહીમા બહુ ભારી; તોરી શેવા કરેછે વીપ્ર, શાવણુમેં ભારી. તરવેણી વહે નીર, નામ બીલ ગંગા; ત્યાં ઘાટ બન્યાં હદ બેશ, કનરકે દંગા. કરલીઓ ચુંમનકી છાબ, પંડયા હે દુજા; આ પંડયા નાગજ નામ કરે તોરી પુજા. ગંગ ધર શુમાઇ રહેત, મઠ ધારી; કરે શંકરકી શેવ કોઇ પરમ ઉપકારી. ચરનમેં લક્ષ્મીદાસ ચીતમેં રહીઓ; મોઇ દાસ જાનકે આપ, ચીતમેં લીઓ.

ઘોળ ૧૨૮ મું. ચાલ ચાલતી.

વાંકે અંબોડે શ્રી નાથજી રે મુને ગળીઆ મારગ માંઇ;મન હરી લીધાંજી.ટોદ.

વાંકી તે પાઘ વરાણાગણી ને વાલો વાંકી ચાલે ચાલ. ૧
મનડુ મારૂં મોહી રહ્યું એતો દેખી છબીલાની ચાલ. ૨
નીરખુ હું શ્રી નાથજી મારે પુર્વ જન્મની પ્રીત. ૩

જોતાં તે સુધ બુધ વીસરી ને ગોપીઊં એ મેલ્યાં ગાન. ૪
કાલંદીને કાંઠડે વાલો ગીરધર ચારે ગાય. ૫
કદમ કેરે છાંયડે વાલો મીઠી મોરલી બજાય. ૬
વંદ્રાવનની કુંજમાં અમને તેડી રમાડયાં રાસ. ૭
બાંએ બાજુબંધ બેરખા ને પોંચીઊં રત્ન જડાવ. ૮
કાને કુંડળ ઝગમગે વાંસે ખેટલીઆળા કેસ. ૯
શોભા શી કહું મારા સામની ને નટવર લાગે વેસ. ૧૦
સૌ મળીને ચાલ્યાં સાંમટાંરે જમુનાંજી નાવા જાય. ૧૧
મારગે જાતાં મોહન મળ્યા મુને રોકી ઉભાછે વાટ. ૧૨
જમુનાંજીમાં ઝીલતાં મારો તુટયો નવસરો હાર. ૧૩
મોતી સઘળાં વેરાઇ ગયાં મુને હીરલો લાગ્યો હાથ. ૧૪
શેષ સહસ્ર મુખ ઓચરે એનો નીગમ ન પામે પાર. ૧૫
શ્રી વલભ પ્રભુ મુને અહી મળ્યા ને મન થયું હુલાસ. ૧૬
દાસનો દાસ કરે વીનતી અમને દેજો શ્રી વ્રજમાં વાસ. ૧૭
દીન જાણી કરૂણા કરો તો મારા મનની પોચે આશ. ૧૮

ઘોળ ૧૨૯ મું. ચાલ સદર.

ચાલો સખી નીરખીએ નંદ કુમાર, લટકતો આવે વાલો દીન દયાળ; જોજો એની છેલ છબીલા વરની ચાલ કીએને ચતુરેરે ઘડી હરીની ચાખડીરે લોલ. ૧
બેસણીએ કાંઇ ધર્યાં રે મુનીવર ધ્યાન, લાંકમાં કાંઇ લખ્યા રે નાગર વેલ પાન; કારીગરે કોરીરે ફરતી મેલી પાંખડીરે લોલ. ૨
પાનીએ કાંઇ હંશ પોપટને મોર, મુસ્તક ભગરીને ઉપર બોર; ઝીણી ઝીણી ઘુઘરી શબ્દ સોહામણીરે લોલ. ૩
ડુંગરમાં કાંઇ શુરજ રત્ન ને છંદ, હાથેછે હીરલો પોંચીએ અનંક; આંગળીઓમાં વીંટીરે અંગુઠીમાં આરશીરે લોલ. ૪

સાંકળી કાંઈ ગુંથીરે સોના કેરે ત્રાગ, માણેક મોતીએ પરોવ્યા હર-
ના હાર, ફુલડાં ઓછેરડો કીધો વાલે ભાર, પીળાને પચરંગી બીરાજે
હરને ફુમતાંરે લોલ. ૫
કાષ્ટના કટકાની કીધી વાલે સાર; એટલે વાલો શીદ લીએ અમારી
સંભાળ; પટોલીની પૂન્ય તણો નહી પાર પેરીને પધાર્યારે ગોવાળી-
આની ઘેરમાંરે લોલ. ૬
ઝીણી ઝીણી વાંસળી મધુરી વેણુ વાયે, ઘેર ઘેરથી ગોપી ઉતાવળી
થાય; નંદજીને કુંવરેરે કીધા સહુને આકળાંરે લોલ. ૭
પ્રથમ નીરખીને પછી લાગે પાય, જેણે જેવાં આવડે તેવા ગુણ ગાય
શ્રી વલભ કુળને નાથેરે સહુને લીધા લેહેરમાંરે લોલ. ૮

ધોળ ૧૩૦ મું. ચાલ હીંચમાં.

પોસની નોમે શ્રી વીઠલનાથજી, આજ વાલો પ્રગટયા શ્રી વલભ
દુવારજો; એહુને જોવા થઈ આકળી વાલે કીધી સેવકની સારજો. ૧
જ્યારે શ્રી નંદ ઘેર અવતરયા વાલે પુર્યા જશોદાજીના કોડજો.
રમતાં સખા સૌ સાથમાં, હાંરે વાલો હરી હળધરની જોડજો. ૨
હવે શ્રી વલભ સુત એહુના, હાંરે વાલો શ્રીજી ગોપી નાથજીના ભ્રાત
જો ગોદમાં લઇ હુલરાવતાં, ધન ધન અંકાજી ગાતજો. ૨
એહુના સુતને કોઈ કહી શકે, હાંરે વાલો વેદ કરેછે નીત્ય નીત્યજો;
સેષ સહસ્ત્ર મુખ ઓચરે, ધન ધન જમુનાંજીની રેતજો. ૪
જ્યારે હરી ગાયું ચરાવતાં, હાંરે વાલો રમેછે રાસ વીલાસજો; વેણુ
વગાડી વાલે વનમાં, વાલે પુરી વ્રજ સુંદરીની આશજો. ૫
રાસ બીહારી વ્રજ વલભી, અમને આપો શ્રી વ્રજમાં વાસજો:
કર જોડી કરે વીનતી એની સોભા ગાયછે હરીદાસજો. ૬

ધોળ ૧૩૧ મું. ચાલ હીંચમાં.

ચાલો એની આપણે સૌ કોઇ જોવા જાઇએજી, શ્રી બાળુરાયજીના

લાલ છોગાળાને નીરખવા;
શ્રી બ્રજનાથ વાલો કામણગારા કાનજો, કામણીઆં કીધાં વ્રજની
નારને જોરે એની એવું મુખડું પુનમ ચંદજો, અણીઆળી આંખ-
ડીએ મનડાં મોઇ રહ્યાં.
કેસર કેરાં તીલક બીરાજે ભાલજો, વાંકને અંબોડે મનડાં મોઇ રહ્યાં.
જોરે એની એની પાગ સોરંગી એકજો, છોગાંને મેલ્યાંરે વાલો લટકતાં.
બાએ બાજુબંધ પોંચીઊને કંકણાળજો,ડુગ ડુગી દોરેરે મનડાંમોઇરહ્યાં.
કોમલ કરપર સુંદર કડાં બીરાજેજો, પોતાનાં જાણીને લાડલડાવીઆં.
જોરે એની એની ચાલ ચમકતી લેકજો, કડાંને ઠમકારે મનડાં મોઇ રહ્યાં.
જોરે એની એવા વાંકડા શ્રી બ્રજનાથજો, બાલ કૃશ્ણજીની સાથે
પધાર્યા બાગમાં.
હવે એની મેથી ઘરનાં કામ ન થાયજો, વાલાને દેખીને મનડાં મોઇ
રહ્યાં, એ વાલા પાસે દાસી થઇને રહીએ જો;લોકડીઆં થકીરે હું તો નવડરૂ.
શ્રી બ્રજનાથ લાલ નવાનગરના લાલજો, કીરતનથકી તારેરે વૈસ્નવજનને.

ધોળ ૧૩૨ મું. ચાલ સદર.

સોરઠ ખંડમાં તે લાલજીનું ધામછેરે, વૈશ્નવ જોડેછે હાથ મુને નેડો
લાગ્યો શ્રી ગોપાલ લાલનોરે ડોઢ.
વૈશ્નવ જનને શાંમૈયાં શોભીતાંરે, ગોપાલ લાલજીને હીયકીરતન. મું. ૧
વૈશ્નવ જનને ઉતારાઓરડારે, ગોપાલ લાલજીને મેડીના મોલ મુને. ૨
વૈશ્નવ જનને તે દાતણુ દાડમીરે, ગોપાલ લાલજીને કરેણી કાંબ્ય. ૩
વૈશ્નવ જનને તે નાવણુ કુંડીયુંરે, ગોપાલ લાલજીને જમુનાંનાં નીર. ૪
વૈશ્નવ જનને તે ભોજનલાડવારે,ગોપલલાલજીને સાકરીઓ કંસાર મુને. ૫
વૈશ્નવ જનને તે મુખવાસ એલચીરે, ગોપાલ લાલજીને પચાશપાન મુ. ૬
વૈશ્નવ જનને તે પોઢણુ ઢોલીઆરે,ગોપાલ લાલજીને હીંડોળા ખાટ મુ. ૭
કોઇ ગાય શીખેને સાંભળેરે, તેનો વૈકુંઠ હોજો વાસ. ૮
કરજોડીને કરે વીનતીરે, મુને લેજો તો ચરણુની પાસ. ૯

ધોળ ૧૩૩ મું. ચાલ સદર.

લાલ તમારૂ લટકું જોઇને, ચટકી લાગી પ્રેમ તણી. ટેક.
લટ પટી પાઘ કેશરીઆ વાગા, જડાવ જડયા માંહી હીરા અણી. ૧
રસી કસી કુંડળ લોલખ ખળકે, જડાવ તીલકની શોભા બની. ૨
ઇત ગોકુળ ઉત મથુરાં નગરી, બીચમેં જમનાજી નીર વહે. ૩
સોલ ગોપીસું રાસ રચ્યો હે, પોતે રમે ગીરધારી. ૪
વંદ્રાવનની કુંજ ગલનમેં, જોગ જોગ રહીછે તો જુડી. ૫
જમુનાંકે તીર વાલો ધેન ચરાવે, બંસી બજાવે કદમ ચઢી. ૬
સુરદાસ બલજાય જસોદા, રંગ તણા મહારાજ ધણી. ૭

ધોળ ૧૩૪ મું. ચાલ રાસની.

શ્રી વલભ પ્રભુજીને હું નમુરે, શ્રી વીઠલેશ પ્રભુ લાગુ પાયરે શ્રી
ગટુલાલ; દેશમાં ડંકા વજાડીઓરે. ટેક.
શ્રી વ્રજ ગીરીરાજથી પધારીઆરે, આપ મોટા પરતાપરે શ્રીમટુલાલ. ૧
કછ માંડવીથી તો પધારીઆરે, શ્રી પન લાલ પુરણ કાજરે. ૨
શ્રી છપન ભોગ આરંભીઆરે, જીુડંતો રોપયો જુગમાંહીરે. ૩
શ્રી મથુરાંનાથજી પધારીઆરે, ડંકા દીધાછે બેહબારરે. ૪
શ્રી નરશીંગ લાલજી પધારીઆરે, ગોદમાં શ્રી ગદનેશ લાલરે. ૫
શ્રી વીઠલેરા લાલજી પધારીઆરે, ગોદમાં શ્રી પુરસોતમ લાલરે. ૬
શ્રી પુરશોતમલાલ રૂપે રૂડલારે, શ્રી વલભલાલજીની જોડરે. ૭
શ્રી વ્રજકેસજી મારા વાલમારે, શ્રી રાજનગર રૂડેરાં ધામરે. ૮
અમરેલીથી અલબેલડારે, લાલ મણીજી આપો આપરે. ૯
કાંકરોલીથી ઘણું હરખીઆરે, ગીરધરજી ગુણવંતરે. ૧૦
શ્રી ગોપકેસજીતો પધારીઆરે, સાથે શ્રી ગોકસા ધીસરે, ૧૧
શ્રી વલભકુળ પધારીઆરે, સરવે ઇશના ઇશરે. ૧૨
સાતને પાંચ મારા વાલમારે, ચૌદ વિધા ગુણજાણરે. ૧૩

ચોવીશ ૨૧૩૫ પધારીઆરે, સરવેના પુરયા કોડરે. ૧૪
દાસનો દાસ જાય વારણેરે, દેજો શ્રી વ્રજમાં વાશરે. ૧૫
ગાય શીખે સુણે સાંભળેરે, તેના મનની પુરજો આશરે. ૧૬

ધોળ ૧૩૫ મું. ચાલ સદર.

તમ વીના અમે ગોકુળ કેમ વસીએ હરી, મીન જળ શું વીનાનાં-
રેકે તલખીને જાય મરી.
હું તો કહું છું તમનેરે મથુરામાં જશો માં, વ્રજનાથ રંગીલારે નમેરા થાશો માં.
મણી મોહન રૂપીરે ગાંડ મળી અમને, લઇ જાશોતો મરશુંરે તેની
હત્યાછે તમને.
અકરૂડને કહેછેરે ગોપી સરવે ટોળે મળી, મારા પ્રાણના જીવનને.
મથુરાં શું જાવછો લઇ.
એટલી સ્તુતીરે મહારાજ તમે માની લેજો, ગાધવદાસના ઠાકોરરે
મથુરામાં જાવું રેવા દેશો.

ધોળ ૧૩૬ મું. ચાલ સદર.

વાલે કરી વંદુરે શ્રી મહારાણીજી, એઉ અર્ધંગ ઓધાર્યારે એવા જશ જાણીને.
ચોદ લોકનો સ્વામીરે વસે ત્યાં વાસ કરી, પટરાનીજી પોતેરે રહ્યાંછે નાથવરી.
ગંગા પદ પામીરે કે પાવન જેણે કર્યાં, તેતો મહારાણીરે ગુણ બે-
ઉ વીસતરીઆં.
જમુનાં જળ નાવારે, જોગેશ્વર દેહી દમે; ક્રીડા રસ પુરણરે હરી ત્યાં રાસ રમે.
સીવજીતો સરીખારે બેઠા તેનું ધ્યાન ધરે, સનકાદીક સરીખારે ગા-
ય ગુણ જ્ઞાન થકી.
જમુનાં જળ મેંમારે કહી નવ કો શકે, સેષ નાગ સરીખારે ગાય
ગુણ તેજ થકી.
જશ જાણી વસેછેરે સુરી મુની નર નારી, તારૂ તપ સળ જાણેરે
એ રસ અધીકારી.

અમૃત જળ એવારે પીતાં જેનાં પાપ હરે, એતો વેદની વાણીરે સુધી ગતી ઓચરીએ.
નીર ગંભીર આવ્યાંરે મોહન મોદ ભરચા, મથુરાં મંડપમાંરે વાલા-સે પરવરીઆં.
વનરાવન તીરરે અતી બહુ શોભા ધરે,તટધીરસમીપેરેગોપીજનક્રીડા કરે.
ગોકુળ રસ ભરીયુંરે શોભા તેની શી કહીએ, એહુના ગુણ ગાવારે કે દાસતો થઇ રહીએ.
મા મુને આશા ઘણેરીરે માતાજી તમ તણી, પ્રભુદાસની બાંઅપસારીછે.

હોરી ૧૩૭ મી. રાગ કાફી.

સુનલે કંથ શીખ હમારી, કહેત મનોહરી નારી. ટેક૦
રામચંદ્રકો નીરંજન જાનહું માનહું અજ અવીકારી, વીશ્વરૂપ રઘુ-વંશ મણીહે, ભગતનકી તનું ધારી, કહેતહે નીગમ પુકારી. ૧
પદ પાતાલ શીશ અજ ધામહી, ભ્રગુટી કાલ ભય કાળી, નેન દીવા-કર કચ્યધન માલા નીશદીન નીમીશું અપારી શ્રવણ દીશા દશભારી.૨
નાશા અશ્વની કુમાર બીરાજત, સુરત શ્વાસ સુખકારી; અધર લોભ-આમ દર્શન કરાલા, વાણી બંધ અનુસારી બહુ દીગપાળ ખરારી. ૩
અનંત ગુનક્ષ વરૂ રસ નામે, માયા હાશ મોહકારી; અરતી શૈલ્ય સરીતા નથી નાડી રોમ અષ્ટાદશ ભારી. ૪
અહંકાર શીવ બહુ બ્રહ્માજી, મન શશી સીત મહારી; કૃશ્ન પ્રભુહું-એસે જાતો સગજ લીઓ મન મારી, અચલ અહબાત સવારી. ૫

હોરી ૧૩૮ મી ચાલ કાફી.

જાનકી રઘુનાથકી દીજે, કયો મેરો અતનો કરીજે. ટેક.
આમર પસારી દીન હોય માગુ, પ્રાણપતી સુણુ લીજે; તુમતો ચતુર શીરોમણુ સ્વામી નીતી વીરોધ ન કીજે, જાકે રઘુનાયક ખીજે. ૧
જાગત ગરસે જઇ પોકારે, ત્રાહી ચરણુ મુજ લીજે; દીન બંધુ વહી

ચુક હમારી; મગ અપરાધ ક્ષમીજે સુનત રઘુનંદન રીજે. ૨
સીધકે કારન અહે વહી ભારત, પ્રભુપર પ્રીત કરીજે, પ્રનતપાળ જા-
કી દૃઢ બાની; જાકે જીવાડે જીજે, મોહ મમતાકું જહીજે. ૩
રામચંદ્રકો રૂપ સુધારથી, નેન પ્રફુરસ પીજે, કૃષ્ણ દીશ પ્રભુકું ઉર
ઉપર, નીશદીન ધ્યાન ધરીજે, જાતે ભવ સીંધુ તરીજે. ૪

હોરી ૧૩૯ મી. ચાલ કાફી.

જાનકીકું બનોબન આયો, આયોરે. ટોઢ૦

આયે જનકપુર મુનીકી મંડલી, મન તે લાગત ભાયો; ચલી બીદી
બનમેં કુંવરી જાનકી, ગવરી પુજન જાયો, જ્યાં રઘુવીર દરસાયો. ૧
ચંચળ રૂપ સીયાજીકો દેખી, મોહની મંત્ર ચલાયો; હો ગઇ હાલ
બેહાલ જાનકી, બરેહ બીથા તન છાયો; કામની ત્યાં ધુમ મચાયો. ૨
ગીરધરનીપર મનહર લીનો, ગયોહે બદન મોઝારી; ઘેરી સખી સહુ
પુછન લાગી, એક ટંક ધ્યાન લગાયો; નેન જળ નીર લગાયો. ૩
સબ સખી મળી ચલી જાનકી, જનકપુર પોંચાયો; શીર લુણ ઉતાર
સલોણા, કયાં ભયો મોહ બતાયો; બદન કસ્તુરી લગાયો. ૪
સીતા બેહાલ મુની રઘુવીર તે, તોડી ધનુષ્ય ચલાયો; સબ સખીય-
નમેં ઠાડી જાનકી, વરમાળા પેરાયો; દેખી સબી કામ લજાયો. ૫
જેજેકાર ભયો સુર પૂરમે, દેવતાએ સંખ બજાયો; સુખરામાદાસ દે-
વાવત ફગંવા, હોરીમાં રામ જપાયો; જનકપુર મંગળ ગાયો. ૬

હોરી ૧૪૦ મી. ચાલ કાફી.

તરીયા હરી લાયો બીરાની, એસો મેરો કંથ ગુમાની. ટોઢ૦

કંત મનોહરી સુનો પીયા રાવન, કયું ન માનત અજ્ઞાની; રૈનકો સં-
પનો એસો ભયો હે, સોનેકી લંકા લુંટાણી. ૧
જાકી તરીયા તુમ હરી લાયો, ઉનકી અગમ નીશાની; સીતા રામ
લછમન ભરત શત્રૂઘન, બાંધેગો સાયર પાની. ૨

લંકા સરખા કોટ હમારે, ફરતા સમુદ્ર પાણી; ઈંદ્રજીત સરખા પુત્ર હમારે, કુંભકરણ બળવાની. ૩
ઢળકત ઢાલ ફરકત નેજા, ગરદ ચડી આસમાની; લછમન સુતવાળી વીર અંગદ, હનુમંત હોય આગેવાની ૪
રાવણ મારી લંકાગઢ લીનો, રામ દુવાઇ ફીરાની; જાનકીજી લેકર રામ અજોધ્યામાં આયે, તુલસીદાસ ગુરૂ જાની. ૫

હોરી ૧૪૧ મી. ચાલ કાફી.

બ્રજમેં હરી ધુમ મચાઈ, ગોપી સરવે દેખન આઇ. ટેક૦
ઇતસે આયે નવલ રાધકા, ઉતસે કુંવર કનાઇ, હીલ મીલ ફાગ ખેલે પરસપર; શોભા બરની નહીં જાઈ, નંદ ઘેર બાજે બધાઈ ૧
રાધે સાન કરે સખીયનકુ, જુઠ જુઠ ઉધ ધાઇ; પકરો પકરો મન મોહનસેં સરવશ પકરો ધાઈ, લાલજીકુ નાચ નચાઇ. ૨
તાલ પખાજ વેણું જંત્ર બાજે; મજીરાં સરણાઇ, ઉડત ગુલાલ લાલ ભયે બાદળ, સઘળી બ્રજ સોહાઈ માનું નગવા જરાઇ. ૩
મુગટ પીતાંબર સીન લીયો, શીરપર ચુંદડી ઓઢાઇ; નેનું જો ભાન નેનું બીચ કાજળ નકવેસર પેરાઇ; માનુ નવી નાર બનાઈ. ૪
કેત રાધકા સુનોને કૃસ્નજી, કાંહગઇ ચતુરાઇ; કાંહાં ગયો તેરો નંદ બાવાજી, કાંહાં ગઇ જશોગતી માઇ, તુને કયું ન લેત છોડાઈ. ૫
ફગવા લીયાબીન જાને નદઉગી, કરો મન કોટીઉપાઇ; લઉગી કઠોર કસર સબ દીનકી; તુમ અતી નાચ નચાઇ, બોત દીન માખન ખાઈ ૬
મુગટ પીતાંબર દીયોને રાધકા, ફગવા લીયો મન ભાઈ સુર કહે છબી કયાં લગી બરનું; એ સુખ વૈકુંઠ નાઈ, કરત જન કોટી ઉપાઇ. ૭

હોરી ૧૪૪ મી. ચાલ કાફી.

કાઉમેં બસ કીનો, તેરે જાદુગારે નેનાં. નેનાં. ટેક૦
અનીહારે કાજળ બીનું કાળે; માનુ જાવક ભીના; ઘુમતો રહે કારે

ન ઠરેના, ભલવાકું ભરી દીના. સીસોને પરોએ નેના.
ચુમતકી મુખ છાપ લગી તેરે, બીખર ગઇ સીર બેના, ચોળીકે
બંધ કંચુકી તુટી, ઉર લગે નખ એના, વાયે વીનું જાત નવીના. ૨
સુનરે સખી બાત કહું તુજે, મેં તો ગઇ જળ લેવા, મારગ બીચમળે
મન મોહન, ઉને એસી બીધકીના; વાયે વીનું જાત ધરેના. ૩
પુરૂશોતમ પ્રભુ પ્રાણ પ્યારે, સકળ કળા પ્રબીના; તુમહી ગીત પઠો.
ધા ઉર ઉપર; ધીરજ ચીત ધરેના કાવશે વેટારે ન ટરેના. ૪

હોરી ૧૪૩ મી. ચાલ કાફી.

મકરો કાના આળ હમારી. હમારીરે, ડોઢ૦

મે મૈયારી ચાલી ગોકુળસે, મારે મહી વેચવો હારી, નીત ઉઠી કાના
આડો ફીરતહે, દાણ માગે મોરારી, નહી દીએ બ્રજની નારી. ૧
નંદ મોહનજીકા કુંવર કનૈયા, મેં હું રાધે આટારી; તુમતો બડે પીયા
તુમારી કુંજનમેં મુખસે દઉંગી ગારી, સાહેબી સરવે રાખત વારી. ૨
એતનો જોર હતો જદુ નંદ, મકરો એબ ઉધાડી; બેંક મારી પ્રભુ
ભુર ભયેહે, લીયેલ રેન અંધારી. સાગ દહાડા જુઓ સંભારી. ૩
એતને ક્રોધ ચડયો શ્રી ક્રશ્ન, મુખસે બોલ વીચારી; સુર કહે પ્રભુ
પ્રીત પુરવકી, સાંખતહે ગીરધારી. વચન તેરો વજરસેં ભારી. ૪

હોરી ૧૪૪ મી. ચાલ કાફી.

-સામરો હજી કયું ન આયો, દ્રીગન ઝરના ઝર લયો. ડોઢ૦
બ્રજ બીનતાનો સંગ છોડકે, માધુબન જાકે બસાયો; દાસીવાકું ક-
રી પટરાની, ગોપી નાથકો નાગ લજાયો. કંથ કુબરીકો કીલાયો. ૧
લખી લખી પતીયાં મેરી છતીઆં જલતહે, ઓધાકું વસ્ટી પઠાયો;
ક્યા કરૂં મેરે મંત્રી વીશ્વાસી, દાસીસે સનેરો લગાયો. બીખ સોરી પીલાયો. ૨

કરકે અકરૂડ કયાંસે આયો, ઘેર ઘેર હોરી મચાયો; એકતો હોરી મેરે હૈયે મે જલતહે, સ્વપ્નામાં સુખ નહીં પાયો ફેર માસ ફાગુન આયો. ૩ એરેહ બીધાતા સબળ સંતાપે, કામકો જોર જનાયો; સુર કહે આબળાકી વીનતી, કરતહે મન પરબાયો. જલેપર લૂન લગાયો. ૪

હોરી ૧૪૫ મી. ચાલ કાફી.

સાગરા મત ડારો પીચકારી, ભીજત મેરી નવરંગ સારી. ટેક.
મત ડારો મરજાદસુ રહીયો, મેં હું કન્યા કુવારી; તુમ હો નીર્લજ અમ નહીં એસે, મુખસેં દઉંગી ગારી. ફજેતી હોયગી તુમારી. ૧
પરનારીકો પાલવ પકડયો, મોહન મનમેં વીચારી, માત તાત તેરો વરઘ ભયો હે, રાજ કંશકો ભારી, કહું સબ એબ વીસ્તારી. ૨
એસી હામ હોયે હૈયેમે, પરનો નૌતમ નારી. જાને પઠાયો જસોદા મયનકું, હજી હું બાળ કુવારી, ઢુંઢત વર માત હમારી. ૩
એક દીન મેરી નવરંગ ચુંદડીયાં, જીવન જોરસેં ફાડી; સુર કહે પ્રભુ જાને ન દઉંગી, આઇ મીલી વ્રજનારી, પીતાંબર લઉંગી ઉતારી. ૪

હોરી ૧૪૬ મી. ચાલ કાફી.

ઘેર આવો વસંત વીલાસી, વીલાશીરે. ટેક.
આવે સમે કેમ આપ થયા છો, પીયુ પરદેશ પ્રવાસી; અરધી ઉપર દીન અધીક ગયાછે, ફાગુન નીગુન રાસી. પીયા આવો પૂનર માસી. ૧
લખી લખી કાગળ લખવાની લેખણ, ઘણું લખતાં ગઈ ઘાસી; આપકો ઉત્તર એક નવ આવ્યો, એ થકી થઇછું ઉદાસી. નકી બેઠી થઇને હું નીરાશી. ૨
કંથ કથન થકી કોલ કર્યો હતો, એક દીન બેઠી અગાસી; પ્યારી તુને નહી પલકવીસારૂ, તે નથી જોતા તપાસી, સ્વામી કેમ મળશોસાબાશી. ૩

પીયુ તુગ અરથે પલંગ બીછાવું, ખાટ બાંધુ ખુબ ખાસી; ચંપા ચંબેલી ગુલાબના ગજરા, હાર પેરાવું હુલાસી.વદન જોવુ નેણુ વીકાસી.
આ રૂતુઆરંભે પીયુ સંઘ એગદા, હેતે કરી કરી હાંસી; દલપતરામના દેવે દીધી હોય, જોડ જો રામ સીતાજી, કહી કેમ રાખે ક્યાશી.૫

હોરી ૧૪૭ મી. ચાલ કાફી.

આવો પ્રાનપતી પીયું પ્યારા, પ્યારારે. ટેક૦

આ અવસરમાં ઉતાવળા આવી, પૂરો મનોરથ મારા; વીતી જશે જો વસંતના દીવસો, સોનાથી શોભીત સારા. આગળ મળવાના ઉધારા.૧
ફુલેલા ફુલના ફાલ તે તમવીના, નીરખતાં દીસે નઠારા; સંત વસંતના રાગ અલાપે, લાગે તેનો લવારો. સ્વામી હોયતોજ તે સારા. ૨
કોયલના સ્વર ગારૂ કાળજું કાપે, શુક સ્વર દુઃખ કરનારા વાજે દુ-કંદ ડફ ચંગ ઉપંગને, ગાજે સોરીદા સતારા. બીતર ઉપજે ભય ભારા.૩
સેવા કરીશ આવો સાસુના જાયા, નહીં રાખુ નેણુથી ન્યારા; નાથ કરીરાખું નથણીનું મોતી, હૈડાના હાર હજારા. તમે મારા નેણુનાતારા
કંથવીના મુને કશુએ ગમે નહી, ખટરસ લાગે ખારા; દલપતરામના દેવને કહું છુ, તોડ વીજોગ હમારા. તેથી પાડ માનશુ તારા. ૫

હોરી ૧૪૮ મી. ચાલ કાફી.

નાથકી ન આનત બાની. બાનીરે. ટેક.

બાલ પનમેં ખેલ ગુમાયા, બીરતી બય ઝક ઝોરી; જોબન જાતાં દેર ન લાગત, જેસો મોતીકા પાની. ફેર નહીં રહેત નીશાની. ૧
માટીકા દેવ માટીકા પુજારી, પુજત ફળ ઓર પાની આસના વાસના ખુબ મીલાઇ કે, બુંદ બન્યો બડ જ્ઞાની, અકલ તેરી ખાખમીલાની
વેદ લોક સેવે સો કાલા સવેના; બાચત પ્રગટ પુરાની; સુનત સુનત-

કેતે દીન બીતે, પુની નેક ન માની, એસી દીલ લાલચ ઠાની. ૩
સતગુરૂ હરકા રૂપ જગતમેં, તાકી સેવાન જાની; સચીદાનંદ પ્રભુ
બાઝબીન જાને, આગે દુખકી ખાની. ચેત નર મુંઢ ગુમાની. ૪

હોરી ૧૪૯ મી. ચાલ કાફી.

નણુંદી કેમ નાથ ન આવ્યા, ન આવ્યારે. ટેક૦

જેને એણે પરદેશમાં જઇને, જાથુ જમાત જમાવ્યા;જરીએ ફરી ઘર
સામુ ન જોયું, કરોડ સંદેશા મેં કાવ્યા. કાગળ એક લાખ લખાવ્યા ૧
પરણી ને તુરત જવા પરદેશ શોધી સંઘાત સીધાવ્યા; માર કહ્યું
કસુએ નહી માન્યું, કરોડ તરેહ અટકાવ્યા રહ્યા નહી મારા રોકાવ્યા. ૨
નુર આપી નવા નાતમાં જ્યારે, નવાનવા ભાર ભરાવ્યા; એવે સમેછાંટા
આંસુના મારી આંખેથી ખુબ ખરાવ્યા. અવધ ખટ માસ કરાવ્યા. ૩
ખરે ખરા સમ ખાઇ ખચીત કરી, ઉર વિશ્વાસ અણાવ્યા.; જલએથે
જળ પંથ જવાના. અગણીત ગુણું તો ગણાવ્યા. ભલા ભલા ભદ ભમાવ્યા.
બહુ બહુ બંદર અંદર જઇને, મુલથી માલ મગાવ્યા; લાભ મળ્યો
તેમ લોભીયા થઇને, લોભે અથોભ લગાવ્યા.લોભ સંભમારે ભગાવ્યા.૫
વાટ જોતાં દશ વર્ષ વીત્યાં પણ, લાજે નહી કોઇના લજાવ્યા; જોબન
તો જાયછે જલદી, નહી શણુગાર સજાવ્યા, ભલા નહીં વેશ ભજાવ્યા. ૬
મુદત દીવાળીના દીવસની દીધી, વાયદા તેતો વહાવ્યા, ફરીને અવધવળી
ફાગુણની લખી, એપણ દીવસતો આવ્યા, હરખ હૈયેનહી ઉપજાવ્યા.૭
રંગ રમે હોળી મળીને રસીલી, કેસુડે રંગ રચાવ્યા; પરણ્યાને પ્યા-
રી પરસ્પર છાંટે, મનહર ખેલ મચાવ્યા, બાળી ભડકા પ્રગટાવ્યા.૮
તાલ મરદંગ વીણા ડફ વાજે, રાગ રસીક ગવરાવ્યા; વીરહણીને તો
વીશેષ વધે દુઃખ, પિયુના રોપા વવરાવ્યા, ચણ્યા લોહના ચવરાવ્યા. ૯

ચંપા ગુલાબ ચંબેલીને ચોદસ, ફુલડે ફુલી ફુલાવ્યાં; મેળવીને કો-ઇએ મુજ ભરથારને, બાન જરૂર ભુલાવ્યાં, કાંતો રહેવા કબુલ કરાવ્યાં.૧૦
દહાડા વસંત રૂતુના જે દુર્લભ, ગાફલ થઇને ગમાવ્યા; કાંતો કોઇયે મારા અવગુણ કહી કહી, મુજ ભરથાર ભમાવ્યા. કોણે એવી અકલ ગમાવ્યા. ૧૧
કર્મ કીયા ભવનાં નડયાં નણુદી, ઉરમાં અંગારા ધખાવ્યા; દલપત-રામના દેવને કહું છું, પીયુથી વીજોગ રખાવ્યા. એવા કેમ લેખલખાવ્યા.૧૨

હોરી ૧૫૦ મી. ચાલ કાફી.

સાગરોનીકી બેન બજાવે, બજાવેરે. ટોઢ૦

ઘેર ઘેરસે ગોપી ચલી આઇ, સુન મોરલી મુખ પાવે; કોઇ સખી તાલ મ્રદંગ બજાવે, કોઇ નાચે કોઇ ગાવે. સાગ મદમોહન બઢાવે.૧
કોઇ સખી અબીર ગુલાલ ઉડાવે, કોઇ પીચકારી ચલાવે; કોઇ સખી ઉત્તગ કૌતર કરકે, મન મોહનકું રીઝાવે દેખો મોહન મુસકાવે. ૨
બ્રહ્મા ભવસુર રાજદેવ મુની, કૌતક દેખન આવે; નાચત નરભ અ-પછરા મુદીત મન, તાનમેં તાન મીલાવે, દેખી મોહન મન રીઝાવે. ૩
જય જયકાર ભયો ત્રીભુવનમેં, દુંદભી દેવ રીઝાવે; મુગતાનંદ ભાગ્ય બ્રજ જનકો, નીગમ કહેત સુરગાવે, સારદા અતીશ કુચાવે. ૪

હોરી ૧૫૨ મી. ચાલ કાફી.

•રાધાજીકે મંદીર આયો, કાના તું કોનકો જાયો; ટોઢ૦

જોતે આયો મેરે મંદીરકું, ગોવાલ સખા સબ લાયો; દો દીનકી સુધ બુદ્ધ ગયોહે, તુજેતો કોન શીખાયો. તેંતો બીજીઆ ખાઓ. ૧
જો મેં આયો તેરે મંદીરકું, કીઆ મેં તેરો ચોરાયો; કીઆ મેં તેરો છીન લીયોહે, કીયા મેં તેરો ખાયો. નાહક મુંજે દોસ લગાયો. ૨

અપને ફાગ ફાગ મેરા ચીરકે, ફીલાં એક ચોરાયો, જાને કહ્યું મેં સબ સખીયનકું, તુજકે પકડ મંગાયો. મોરલીયાં કરસે છોડાયો. ૩
જાત જાત લાલા અપુને મંદીરમેં, નાહક રાડ ગચાયો; સુર કહે પ્રભુ ગ્યાનકો ઝઘડો, સુનત ચરન ચીત લાયો; બહુ સુખ એસો પાયો. ૪

હોરી ૧૫૨ મી. ચાલ કાફી.

મોહનસેં ડરીએ પ્યારી, પ્યારીરે. ટેક.

મેં જલ જમુનાં ભરન ગઇતી, બીચમેં મીલે ગીરધારી, મોઈ રહી મોરલી ધુન સુનકે, સુધ ન રહી તન સાડી, એસી કોઇ ભોરી ભારી ૧
ઘર આંગનીઆની સુધ બુધ ભુલી; લોક કહે મતવાલી, મુર્તી આને ખડી હરદામેં, ઉનકી રીત હે ન્યારી; માને મોકું મોહની ડારી. ૨
મોહનકે સંગ સરીખી ગોવાલન, નાચત દઇ દઇ તાલી; એકહી આવત અબીર ઊડાવત, એક ભરી પીચકારી. એણે મેરો રંગ રંગારો. ૩
કાહકી બંસુરીઆં બજાવો કનૈયા, પુછત રાધે પ્યારી; સૂરસામ કહે પ્રભુ ગ્યાનકી મોરલી, સુનીઓ ધ્યાન ધરોરી. દરશન મોએ દેજો મોરારી. ૪

હોરી ૧૫૩ મી. ચાલ કાફી.

ઝટકયો મેરો ચીર મોરારી, મોરારીરે. ટેક૦

મેં જલ જમુનાં ભરન ગઇતી, પેરી કસુંબલ સાડી, મેં હારી ટાડે કદમ કેરી છૈયા, હાથ લીઓ પીચકારી; સામરે સનમુખ મારી. ૧
અંગહી હીજર તનહી ઝટકયો, બેસર મોરી હમોરી, રેશમી બંધન કંચુકી ટુટી; જર ગઇ કોર કીનારી, સામરેને ધ્યાન બીચારી. ૨
અંગરી પકર મેરા પોંચાબી પકરા, બૈયાં પકરકે ડારી, નંદકો નંદન કુંવર કનૈઓ, તુમ જીતે અમ હારી, લાલ બીલહાલ તુંહારી. ૩

હોરી ૧૫૪ મી. ચાલ કાફી.

ગાંજે સંગ ખેલત હોરી, તગાકુકી ટેવ નહારી. ટેક૦

ભરે ધંતુરી નીકસે ધુગાડા, બેઠી સોધનવાલી ટોરી; સાહી એક બી-
ગારત સબકુ, ઊંચ નીચ સબ જોરી, જગત સબ નીંદા કરોરી. ૧
ગાંજાખોર નીઠારકી નારી, અરજ કરે કર જોડી, સાંઈમે સાડી સબ
પ્રીટ ગઇ; અબતો બચી હે થોડી મે મૈયરસેં લાઈતી કોરી. ૨
આંખ્યુમે તેરી અકલ ગળેલી, જેસી જાત અઘોરી, ખાના જંગી
કરે સબકે સંગ, બઇભીત ભુત બન્યોરી; ગાંજે તોય ગજબ કરોરી. ૩
ભાંગ અફીણુ સુરાપાન સબ કછુ, કેફ કરો થોરી થોરી, ગાંજેકું ઘરમે
મત લાગો, જીસકી જગતમે ચોરી. માનો શીખ એતની મોરી. ૪
કહે ધનવંતી ધ્યાન ધરનકું, જોગી પીએ કર જોડી, ઔર પીએ વા-
કી અકલ જાયગી; ઉમર ગળીમેં બોરી. વાત પડદેકી ખોલી. ૫

હોરી ૧૫૫ મી. રાગ સોઅણી.

નહી બરજે નંદરાનીરે, સખી અપને લાલકું. ટોઠ૦
ચલી જાત મોએ ગીલે બીથનમે, બદલાયો દધી દાનીરે. ૧
આવત હે મોએ રંગમાં બીજોઇ, હાંહાં કરત નહી માનીરે. ૨
ચાલ્યો જાએ બંસી મથુરામે, રાજા કંશકી રાજધાનીરે. ૩
કૃશ્નદાસ પ્રભૂકું કહેત હે, મનકી બાત સબ મેં જાનીરે. ૪

હોરી ૧૫૬ મી. રાગ સોઅણી.

નહી ખેલું તુમસે હોરીરે, સંગ લાગ્યો આવે. ટોઠ૦
તુંમહો નંદજીકે છેલ છબીલે, અમ ગુવાલન સબ ભોરીરે. ૧
તુંમહો નીરલજ અમ નહી એસી, બૈયાં પકડ ઝક ઝોરીરે. ૨
ચીર ફારી મોરી અંગીઆં બીગારી, મોતનકી લર તોરીરે. ૩
કૃશ્નદાસ પ્રભુસું પ્રીતજ બાઝી, જેસે ચંદન ચકોરીરે. ૪

હોરી ૧૫૭ મી. રાગ સોઆણી.

મતડારો પીચકારીરે મેં તો સઘળી ભીંજ ગઇ. ટેક.
ભરી પીચકારી મેરા મુખપર ડારી, ભીંજ ગઈ તન સાડીરે. ૧
ચુના ચુવા ચંદન ઓર અરગજા, કેસર ગાગર ગોરીરે. ૨
હાંહાં કરત મેરો કયું ન માનત, અબકી ફેર દઉંગી ગારીરે. ૩
સુર કહે પ્રભુસું રાધકા, તુમ જીતે અમ હારીરે. ૪

ગઝલ.

ખુશ રહો સનમજા, મેરાજી દાતા બેલી.
ગુલસનમાં ગાહાર ખડા ખડા રોતાહે, ખુશ રહો.
આશકને સુતમગીર, ફીલા ફીલાકે મારા.
સરબતેં પરેસાં, પીલા પીલાકે મારા. ખુશ રહો.
હાકેમકે રૂબરૂ યાર, તમ ચલોગે.
તુંમે મેરી કસમ સચ કહોને, કયા કયા કહોગે. ખુશ રહો.
આપની જાનકો સમજાઓ, ખુલ ખુલે પાની.
કાં ગહે બાદશા વજીર, રાજા રાની, ખુશ રહો.
ખુશ રહો સનમજા, મેરા બીદાતા બેલી. ખુશ રહો.

સમાપ્ત.

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર નમ્રતા પુર્વક જાહેર કરું છું કે આ ચોપડી તથા બીજાં ઘણી જાતનાં પુસ્તકો મારા અમોદય પ્રેસમાં છાપેલાં તથા મુંબઈનાં છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, મરાઠી, ઇંગ્રેજી, ડીક્ષનેરીઓ, વૈષ્ણવ ધર્મની વારતાઓ, તથા તરજુમાઓ, કાયદાઓ, રમુજકતાં તથા નાટકો, કીસ્સાઓ, જૈનધર્મનાં તથા સરકારી ગુજરાતી તથા અંગ્રેજી વિગેરે નિશાળોમાં ચાલતી ચોપડીઓ તથા પેહેલી ચોપડીથી તે સાતમી ચોપડી સુધીના અર્થ, ઇતિહાસના પ્રશ્નોત્તર, વંશાવળીઓ વિગેરે બીજી ઘણી જાતનાં પુસ્તકો સરસ છાપ ને સસ્તી કીમતે મળશે. માટે સામટી લેવી હોય તેમણે પોસ્ટકાર્ડ કાગળ લખી ખુલાસો કરવો. નાટપેડ કાગળ લેવામાં આવશે નહીં.

સરનામું.

બુકસેલર માહાદેવ રામચંદ્ર જાગુટે.

ઠે. નવુ દરવાજાના મેહાનમાં પુસ્તકાલય.

મુ. અમદાવાદ.